# શિક્ષણ વિદ્યાશાખા(IASE) : ગૂજરાત વિદ્યાપીઠ : અમદાવાદ-380014

## બી.એડ્. વર્ષ:2021-22 ના પ્રવેશ માટેની સૂચનાઓ -દ્વિતીય તબક્કા માટે :

(1) પ્રસ્તુત પ્રવેશ યાદી ઓનલાઈન પ્રવેશ ફોર્મ સાથે જોડેલા પ્રમાણપત્રોના આધારે તૈયાર કરેલી છે. પ્રવેશાર્થીને અત્યારે કામચલાઉ પ્રવેશ આપવામાં આવશે. મૂળ આધારોની વાસ્તવિક ખરાઈ કરાયા પછી પાકા પ્રવેશનો નિર્ણય કરવામાં આવશે.

(2) બી.એડ્.ના સત્ર-1 ના તમામ પ્રવેશાર્થીઓએ પોતાનો પ્રવેશ નિશ્ચિત(Confirm) કરાવવા માટે તા.08-09-2021 સુધીમાં પોતાના અસલ પ્રમાણપત્રો શિક્ષણ વિદ્યાશાખામાં આવી ચેક કરાવી જવા ફરજિયાત છે તથા અસલ પ્રમાણપત્રોનો એક ઝેરોક્ષ સેટ પણ સાથે લાવવાનો રહેશે. તથા બોનાફાઇડ સર્ટિફિકેટ મેળવી લેવાનું રહેશે.

(3) પ્રસ્તુત પ્રવેશ યાદીમાં સમાવિષ્ટ પ્રવેશાર્થીઓએ તારીખ:08-09-2021 સુધીમાં ગૂજરાત વિદ્યાપીઠના વેબપોર્ટલ (https://gujaratvidyapith.org/onlinefeespayment.htm) દ્વારા ફી ભરી પોતાનો કામચલાઉ પ્રવેશ નિશ્ચિત કરી લેવો. (બી.એડ્. માટે ફી રૂ.5580=00) પ્રત્યેક પ્રવેશાર્થીએ ફી ભર્યાની રસીદ સ્કેન કરી ઇ-મેલ દ્વારા edprincipal@gujaratvidyapith.org પર અવશ્ય મોકલી આપવી. નિર્ધારિત તારીખ સુધીમાં ફી જમા ન કરાવનાર પ્રવેશાર્થી પ્રવેશ લેવા ઇચ્છતા નથી તેમ માની તેમના સ્થાને અન્ય ક્રમાંકિત પ્રવેશાર્થીને પ્રવેશ આપી દેવામાં આવશે.

(4) પ્રવેશ યાદીમાંના ફી ભરી કામચલાઉ પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓ પૈકી અન્ય યુનિવર્સિટીના વિદ્યાર્થીઓએ માઈગ્રેશન સર્ટિફિકેટ (અને ગૂજરાત વિદ્યાપીઠના વિદ્યાર્થીઓએ ટ્રાન્સફર સર્ટિફિકેટ અથવા બાહેંધરી પત્ર) અસલ પ્રમાણપત્રો ચેક કરાવવા આવતી વખતે શિક્ષણ વિદ્યાશાખામાં જમા કરાવવા ફરજિયાત છે.

(5) પ્રવેશ યાદીમાંના ફી ભરી કામચલાઉ પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓએ Eligibility Certificate (યોગ્યતા પ્રમાણપત્ર) મેળવવું ફરજિયાત છે. આ માટે https://gujaratvidyapith.org/studentcorner.html ઉપરથી એલીજીબીલીટી સર્ટિફિકેટ(યોગ્યતા પ્રમાણપત્ર) નું ફોર્મ ડાઉનલોડ કરી તે ફોર્મની વિગતો ભરી, તે સાથે દર્શાવેલા પ્રમાણપત્રો જોડી તથા SBI i-Collect ઉપરથી રૂપિયા 200 ફી ભરી, ફીની રસીદ જોડી આ તમામ પત્રો પરીક્ષા વિભાગ, ગૂજરાત વિદ્યાપીઠમાં જમા કરાવી એલીજીબીલીટી સર્ટિફિકેટ(યોગ્યતા પ્રમાણપત્ર) મેળવી શિક્ષણ વિદ્યાશાખામાં જમા કરાવવું. ગૂજરાત વિદ્યાપીઠના વિદ્યાર્થીઓએ આ સર્ટિફિકેટ મેળવવાની જરૂર નથી.

(6) છાત્રાલય ફરજિયાત છે. પરંતુ કોરોનાની વર્તમાન પરિસ્થિતને ધ્યાનમાં રાખી મર્યાદિત સંખ્યામાં છાત્રાલય સુવિધા ઉપલબ્ધ રહેશે. જે વિદ્યાર્થીઓ છાત્રાલય સુવિધા મેળવવા માંગતા હોય તેઓએ ફીની રસીદ ઇ-મેલ કરતી વખતે અધ્યક્ષશ્રી, શિક્ષણ વિદ્યાશાખાને સંબોધીને પોતાની તે અંગેની અરજી પણ ઇ-મેલમાં જ કરવાની રહેશે. છાત્રાલય સુવિધા આપવા અંગેનો નિર્ણય સંસ્થા દ્વારા કરાશે અને તે બંધનકર્તા રહેશે.

(7) તારીખ 06-09-2021 થી પ્રથમ સત્રના વર્ગોમાં શૈક્ષણિક કાર્યનો આરંભ થશે.

તારીખ: 04-09-2021

(પ્રો.ભરત જોશી)

अध्यक्ष/डीन/निदेशक
शिक्षण विद्याशाखा (IASE)
गूजरात विद्यापीठ
अहमदाबाद -380014